## વીજ તંત્રની ઘોર બેદરકારી

# હિંમતનગર બહેરા - મૂંગા શાળામાં વૃક્ષો સાથે વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરથી અકસ્માતની ભિતી

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૧૫

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ તંત્ર દ્વારા ઊભા કરવામાં આવેલા વીજપોલ, ડીપીઓ સહિત જાહેર માર્ગો અને અંતરિયાળ વિસ્તારોમાં લટકતા જીવંત હાઈવોલ્ટેજ વાયરોથી અનેકો વખત વીજવાયર સ્પાર્ક થતાં આગ લાગવાની ઘટનાઓ સહિત અકસ્માતોની પણ ઘટનાઓ સેંકડો વખત અખબારોમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે તેમ છતા સાબરકાંઠા જિલ્લાના નઘરોળ વીજતંત્ર દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર લટકતા જીવંત હાઈવોલ્ટેજ વીજવાયરોની પરિસ્થિતિ સામે તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા જિલ્લાભરના લોકો હાલ તો ભારે દહેશત વચ્ચે જીવી રહ્યા છે ત્યારે હિંમતનગર શહેરની બહેરા મૂંગા શાળામાં વીજતંત્રની વધુ એક બેદરકારી સામે આવવા પામી છે.

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ઇડર - હિંમતનગર બાઈપાસ રોડ ઉપર આવેલ શિશુ સેવા કલ્યાણ મંડળ દ્વારા સંચાલિત બહેરા મૂંગા શાળાના સંકુલમાં વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરો શાળાના સંકુલમાં વનરાજી બળીને ખાખ થઈ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે ત્યારે 'આગ લાગ્યા પછી કુવો ખોદવાની' નીતિ અપનાવતા નઘરોળ વીજ તંત્ર દ્વારા તાત્કાલીક બધિર બાળકો - વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેડ જીવંત વીજ વાયરો સ્પાર્ક થવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો અફરા તફરીનો માહોલ સર્જાવાની પૂરી



શક્યતાઓ રહેલી છે ત્યારે વીજ તંત્ર વિભાગ દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને સમજીને તાત્કાલિક અસરથી વૃક્ષો પર વીંટળાયેલા ભયજનક જીવંત વીજ વાયરો દૂર કરવામાં આવી તો મોટી દુર્ઘટના ટળી શકે તેમ છે

થી અકસ્માત ની ભીતિ સેવાઈ રહી છે વૃક્ષો સાથે વીંટળાયેલા જીવંત હાઈવોલ્ટેજ વીજવાયરો સ્પાર્ક થશે તો આગ લાગવાની સાથે મોટી દુર્ઘટના સર્જાય તેવી શક્યતાઓ રહેલી છે તેમજ વીજ વાયર સ્પાર્ક થતાં બેરા મૂંગા

અસરથી વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ વીજ વાયરો દૂર કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે

ઉલ્લેખનીય છે કે, શિશુ સેવા કલ્યાણ મંડળ દ્વારા સંચાલિત બહેરા મૂંગા વિદ્યાલય સંકુલમાં મુક

## ૨૪ કલાક પહેલાં પરીપત્ર, અનેક આચાર્યો મૂંઝાયા

# સાબરકાંઠા, અરવલ્લીની ૨૬૮ ઉ.મા. શાળાઓમાં ધો.૧૨ના વર્ગો શરૂ

## ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરીથી વર્ગખંડ જીવંત બન્યા, શિક્ષકોમાં પણ ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

આખરે કોરોનાનો ભયંકર હાઉ શૈક્ષણિક સંકુલોમાંથી દૂર થઈ રહ્યો છે. તા.૧૫ જુલાઈ, ગુરૂવારથી રાજયની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી સાથે ધો.૧૨ માં શિક્ષણ કાર્ય શરૂ થયું. સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાની ૨૬૮ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતાં ૧૫ મહિના પછી વર્ગખંડ જીવંત બન્યા. ગુરૂજનો પણ પોતાના છાત્રોને જોઈને ખુશ થઈ ભાવુક થયા હતા. પ્રથમ દિવસે છાત્રો અને ગુરૂજનોના મિલન જેવા દ્રશ્યો પણ જોવા મળ્યા. સરકાર દ્વારા અગાઉથી જ ધો.૧૨ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય જાહેર કરાયો હતો પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા પરીપત્ર ન થતાં શાળા સંચાલકો અને આચાર્યો ધો.૧૨ ના વર્ગો શરૂ કરવા મુદ્દે અવઢવમાં હતા. ૨૪ કલાક પહેલાં કરાયેલા પરીપત્ર બાબતે મોંડે સુધી અનેક આચાર્યો અજાણ રહ્યા હતા.

કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે, સરકારે સમગ્ર ગુજરાતને અનલોક કર્યું છે આ સંજોગોમાં ધો.૧૦ થી ૧૨ ના વર્ગો શરૂ કરવા જોઈએ તેવી અનેક વાલીઓએ માંગ કરી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોરોનાની ત્રીજી લહેરને ધ્યાને રાખી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી. ગત સપ્તાહે તા.૧૫ જુલાઈથી ધો.૧૨ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય લીધો હતો જે મુજબ ગુરૂવારથી બંન્ને જિલ્લામાં ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી સાથે શિક્ષણ કાર્ય શરૂ થયું. પોતાના સંતાનને શાળાએ મોકલવા માટે વાલીની સંમતિ ફરજીયાત બનાવી છે. જોગાનું જોગ ૧૫ જુલાઈથી ધો.૧૦ અને ૧૨ ના રિપીટર છાત્રોની બોર્ડ પરીક્ષા હોવાના કારણે કેટલાક વિસ્તારોમાં ધો.૧૨ ના શિક્ષણને અડચણ જોવા મળી.

## જન્મદિને વધામણી



અશોકભાઈ જોષી
(વાત્રક હોસ્પિટલ)
વાત્રક, તા.બાયડ



અતુલભાઈ દિક્ષીત
હિંમતનગર,
જિ.સાબરકાંઠા



નિલેષ કે. વાળંદ
આકરૂન્દ, તા.ધનસુરા



મિતેષ પટેલ
(અધ્યક્ષ : કઠલાલ તાલુકા શૈક્ષિક મહાસંઘ) (દેવભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



રાજુભાઈ આર. પટેલ
(પ્રા.શિક્ષક)
છાપરીયા, તા.બાયડ

# અરવલ્લી જીલ્લા અધિક નિવાસી કલેકટરની અધ્યક્ષતામાં બેઠક

## સિરસ્તદર, મહેસૂલ તથા પુરવઠાનાં ઈ-ધરાની માસિક કામોની સમીક્ષા કરાઈ

બાયડ તા.૧૫

અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા અધિક નિવાસી કલેકટર પ્રદીપસિંહ રાઠોડની અધ્યક્ષતામા શિરસ્તેદાર, નાયબ મામલતદાર મહેસૂલ, નાયબ મામલતદાર પુરવઠાનાં મામલતદાર ઈ-ધરાની માસિક કામોની સમીક્ષા બેઠક યોજાઈ.

જે અંતર્ગત જીલ્લા અધિક નિવાસી કલેકટરએ કામોની સમીક્ષા કરતા જણાવ્યું કે, જીલ્લાના તમામ તાલુકાઓમાં કચેરીઓમાં ચાલતા તમામ કામોની ડેટા એન્ટ્રી કરવી, દરેક કામોની અમલવારી ઝડપથી થવી જોઈએ, વર્ષની શરૂઆતમાં જેટલા બાકી રહેલા કામોની કાચી નોંધો નિકાલ કરવો, અરવલ્લી જીલ્લાનાં તમામ તાલુકાઓમાં બાકી રહેલ કામોનો ઝડપથી નિકાલ કરવો, મહેસૂલ તથા પુરવઠા વિભાગના બાકી રહેલ



કામો પૂર્ણ કરવા અનુરોધ કરાયો.

તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોનામાં મૃત્યુ પામેલાની અરજીઓની પણ ઝડપથી નિકાલ કરવો, ઈ-ધરાની આકસ્મિક કરવાની, દ્રહ્યજીછ કાર્ડ કામગીરી ઝડપથી પૂર્ણ કરવી સાથે સાથે સમાજ સુરક્ષામાં ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે વય વંદના, નિરાધાર વૃદ્ધ સહાય, સંકટ મોચન, ગંગા સ્વરૂપા સહાય યોજનાઓની સમીક્ષા કરી તથા દરેક અધિકારીશ્રીઓ/કર્મચારીઓને સૂચન કરતા પોત પોતાના તાલુકામાં અવાર નવાર કામોની બેઠક યોજવાની રહેશે.

સાથે તેમણે ઈ-ધરા કેન્દ્રો ખાતે નિકાલ કરેલ કામોની ચકાસણી કરી, તકરારી હક્કપત્રક નોંધો નિકાલ કેસોની ચકાસણી કરી, બિન ખેતી પરવાનગી અંગેના અરજીના નિકાલની ચકાસણી કરી જરૂરી સુચનો કર્યા.

આ બેઠકમાં અરવલ્લી જીલ્લાના ડેપ્યુટી કલેકટર, નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી, નાયબ મામલતદાર મોડાસા, નાયબ મામલતદાર ભીલોડા, નાયબ મામલતદાર બાયડ, નાયબ મામલતદાર ધનસુરા, નાયબ મામલતદાર માલપુર, નાયબ મામલતદાર મેઘરજ, પુરવઠા અધિકારી, મહેસૂલ અધિકારી, તથા પ્રાંત અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# શેરી શાળા બંધ કરો : અરવલ્લીમાં વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળામાં બોલાવવા રજૂઆત

## અરવલ્લી જિલ્લા પંચાયત ઉપપ્રમુખે કલેક્ટરને પત્ર લખ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે, ચોમાસુ શરૂ થયું છે, મચ્છરજન્ય રોગચાળો વકરે તેવો ભય છે. ત્યારે મોટાભાગના પ્રા.શિક્ષકોએ શેરી શાળાઓ બંધ કરી ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે શાળામાં શિક્ષણ કાર્ય શરૂ કરવાની વાત કહી રહ્યા છે. ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મણાતે જિલ્લા કલેક્ટરને પત્ર લખી શેરી શાળાઓ બંધ કરી પ્રાથમિક શાળાઓને વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે તેવી રજૂઆત કરી છે.

જિલ્લા પંચાયત ઉપપ્રમુખે લખેલા પત્રમાં જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રા.શાળાઓના વિદ્યાર્થીઓ શેરી શાળા ચાલુ કરી હોવાથી ત્યાં અભ્યાસ માટે આવતા હોય છે. અરવલ્લી જિલ્લા ટ્રાયબલ જિલ્લો હોવાથી શેરી શાળામાં વિદ્યાર્થીઓને બેસવા માટે અન્ય કોઈ વ્યવસ્થા નથી. ફળીયામાં કોઈકના ઘરે બેસાડી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે પરંતુ ટ્રાયબલ વિસ્તારમાં ઘરના ૪ સભ્ય રહી શકે તેવું નાનું ઘર તેમજ ઘર નળીયાંવાળું હોવાથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકો વરસાદની સીઝનમાં પાણી ટપકવાના કારણે પરેશાન થાય છે. મરઘાં, બકરાં ઉછેર પણ આ વિસ્તારમાં હોવાથી વિદ્યાર્થી-શિક્ષકો પરેશાન થઈ જાય છે. જે ઘરમાં અન્ય કામકાજ તેમજ રસોઈ બનાવતા હોવાના લીધે વિદ્યાર્થી તથા ઘરમાલિક બંન્ને મુશ્કેલી અનુભવતા હોઈ વિદ્યાર્થી તેમજ ખુદ શિક્ષક ભણાવવામાં યોગ્ય ધ્યાન લગાવી શકતા નથી. જેથી શેરી શાળામાં આવતા વિદ્યાર્થીઓને શિડ્યુલ પ્રમાણે શાળામાં બોલાવી અભ્યાસ કરવામાં આવે તેવી ટ્રાયબલ વિસ્તારના વાલીઓની માંગને તેઓએ કલેક્ટર સમક્ષ રજૂ કર્યાનું જણાવ્યું છે.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા જનચેતના રેલી યોજાઈ

**પેટ્રોલ-ડીઝલ, ગેસ, તેલના વધતા જતા ભાવો મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન કર્યુ : પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે વિરોધ કયા : પ્રાંતિજ પોલીસ દ્વારા જિલ્લા પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય સહિત ૪૨ કાર્યકરોની અટકાયત કરી : કોંગ્રેસ કાર્યકરોને લઈ જતી બસમા ડીઝલ પતી જતા કે યાંત્રિક ખાલી ને લઈને ત્રણ ઉભી રહી ગઈ : કોંગ્રેસ કાર્યકરોને બસમાંથી ઉતારી અન્ય વાહનો પોલીસ જીપમા પોલીસ સ્ટેશન સુધી લઈ જવામા આવ્યા**







પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ તાલુકા શહેર સમિતિ દ્વારા રાંધણ ગેસ, તેલ, પેટ્રોલ-ડીઝલ અને અન્ય ખાદ્ય ચીજ વસ્તુઓમાં ભાજપ સરકાર દ્વારા ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે જેનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામા આવ્યો હતો તો વિરોધ કરી રહેલ જિલ્લા પ્રમુખ સહિત પૂર્વ ધારાસભ્ય સહિત કુલ-૪૨ જેટલા કોંગ્રેસ કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામા આવી હતી.

પ્રાંતિજ ખાતે તાલુકા અને શહેર કોંગ્રેસ સમિત દ્વારા પેટ્રોલ-ડીઝલ, તેલ, રાંધણ ગેસ અને અન્ય ચીજવસ્તુઓના ભાવ કુદકે ને ભૂસકે વધતા ભાવ વધારાનો વિરોધને લઈ ને આજે પ્રાંતિજ ખાતે જનચેતના રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા કોંગ્રેસ જિલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પ્રમુખ અમરીશ ભાઈ પટેલ, રેખાબેન સોલંકી, રામસિંહ, નીરૂબેન પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો બેનરો સાથે ભાંખરીયા બસસ્ટેશન ખાતે વિરોધ પ્રદર્શન કયો હતો અને ભાજપના રાજમા ગરીબોને સાચો ન્યાય મળતો નથી અને ગરીબો દિવસે દિવસે ગરીબ બનતા જાય છે તેના માટે સરકાર ભાવ વધારો અંકુશ માં લાવે અને ભાવ વધારો ગરીબોની કમર તોડી રહી છે તો ભાંખરીયા બસસ્ટેશન થી બજાર વિસ્તાર મા વિરોધ કરવા નિકળેલ જનચેતના રેલી ને ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે પ્રાંતિજ પીઆઈ એચ.એફ.ત્રિવેદી, પ્રાંતિજ પીએસઆઈ એફ.જે.ગોસ્વામી તથા પોલીસ ટીમ દ્વારા કોંગ્રેસ કાર્યકરો ની અટકાયત કરી હતી જેમા જિલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલ, કોંગ્રેસ ના પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કુલ- ૩૯ જેટલા કોંગ્રેસી પુરુષ કાર્યકરો તથા ત્રણ કોંગ્રેસી મહિલા કાર્યકરો અને આગેવોનો સહિત કુલ-૪૨ ની જણા ની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરવામા આવી હતી તો પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરેલ કોંગ્રેસ કાર્યકરો બસ મા બેસાડી ને પ્રાંતિજ પોલીસ પોલીસ સ્ટેશન સુધી લઈ જતી હતી તે દરમ્યાન પ્રાંતિજની બસમાં પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે ડીઝલ પતી જતા કે યાંત્રિક ખામી સર્જાઈ હતી જેથી અટકાયત કરેલ કોંગ્રેસી કાર્યકરો અને આગેવાનો ને પ્રાંતિજ પોલીસ દ્વારા અન્ય વાહનો તથા પોલીસ જીપ મા લઈ જતા જોવા મળ્યા હતા.



ઘરમાં રહો,
સુરક્ષિત રહો

# પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર રાત્રીના સમયે ગમખ્વાર અકસ્માત

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા-તલોદ રોડ ઉપર આવેલ ગડેરી પાસે રાત્રીના સમયે ઈકોકાર અને બોલેરો ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમા આઠ લોકો ને ઈજાઓ પોહચી હતી .

મજરા-તલોદ રોડ ઉપર પ્રાંતિજ ના ગડેરી પાસે ૧૪ મી ના રાત્રે ઈકોકાર અને બોલેરો ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમા અમદાવાદ થી મોડાસા જતી ફુલફાસ્ટ આવતી બોલેરો ગાડી ચાલકે ઈકોકાર પ્રાંતિજ ના વડવાસા થી સદાના મુવાડા ખાતે જતી ઈકો કાર ને અડફેટ લેતા ઈકો કાર મા સવાર ચાર ને ગંભીર ઈજાઓ પોહચી હતી તો બોલેરો ગાડી મા સવાર ચાર ને પણ ગંભીર ઈજાઓ પોહચતા આઠે ઈજા ગસ્તો ને આજુબાજુમાથી દોડીઆવેલ લોકો દ્વારા ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો એક એક વધુ સારવાર અર્થે હિંમતનગર થી અમદાવાદ ખાતે ખસેડવામા આવ્યો હતો તો અકસ્માત એટલો બધો ભયંકર હતો કે બોલેરો ગાડી સહિત ઈકો કાર નો કુચડો થઈ ગયો હતો .



ઈકો કાર મા રહેલ ઈજા ગસ્તો ના નામ

૧ સરદારજી નાથાજી મકવાણા વડવાસા, ૨ નરેન્દ્રજી દશરથજી મકવાણા વડવાસા, ૩ સોમાજી કાળાજી મકવાણ વડવાસા, ૪ કરણજી ભદાજી મકવાણા વડવાસા

બોલેરો ગાડી મા રહેલ ઈજા ગસ્તો ના નામ

૧ કરણભાઈ અમૃતભાઈ કટારા અમદાવાદ, ૨ રાજેશ ભાઈ અર્જુનભાઈ પટેલીયા અમદાવાદ ૩ રણજીતભાઈ ભાથીભાઈ બામણીયા અમદાવાદ, ૪ કાન્તિભાઈ અમદાવાદ.

# ભિલોડા તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક ચેરીટેબલ ટ્રસ્ટની જનરલ સભા યોજાઈ

ભિલોડા,તા.૧૫

ભિલોડા આકાર કોમ્પલેક્ષમાં ભિલોડા તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક ચેરીટેબલ ટ્રસ્ટની જનરલ સભા યોજાઈ હતી.ગુજરાત રાજ્ય કર્મચારી મંડળ,પ્રમુખ મણીભાઈ સુથારના અધ્યક્ષ સ્થાને ઉદ્‌ઘાટન કરાયું હતું.કોરોના મહામારી દરમ્યાન પેન્શનરો સહિત હોદ્દેદારોના દુઃખદ્‌ અવસાન થયેલ હોય તેઓના માનમાં શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.ધુળજીભાઈ પ્રજાપતિ,વાલજીભાઈ





પરમાર,મુળજીભાઈ પરમાર,જીલ્લા કર્મચારી મંડળ,ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ,ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી,ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા.ધનસુરા તાલુકા રેડક્રોસ તરફથી નિઃશુલ્ક માસ્કનું વિતરણ કરાયું હતું.નિવૃત્ત પેન્શનરોના પડતર પ્રશ્નો સંદર્ભે ચર્ચા કરાઈ હતી.

## ટ્રેઈન ફાળવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે થયુ હતુ. ત્યારબાદ ગરીબ રથ મુંબઈ જયપુરથી દિલ્હી સુધી લંબાવાયો . તા ૧૦ જાન્યુઆરી વર્ષ ૨૦૧૧ થી ગાંધીનગર ભાવનગર સુરેન્દ્રનગર , ધાંગ્રધાનુ પણ જોડાણ થયુ. મહામંડળની રજુઆતને ધ્યાને લઈને વર્ષ ૧૯૯૨ માં ડો જીવરાજ મહેતા ભવન અને વર્ષ ૨૦૦૯ માં વિધાનસભા ખાતે પણ રેલવે રીઝર્વેશન કાઉન્ટર પણ શરૂ કરાયુ. કેપિટલ સ્ટેશનને આજથી ગાંધીનગર વારાણસી ટ્રેઈન તેમજ તારંગા વાયા વડનગર ટ્રેઈન મળશે તેને આવકારીએ છીએ. ત્યારે હાલના તબક્કે પણ વાયા ખોડીયાર કલોલ જતી ૩૬ જેટલી ટ્રેઈન ગાંધીનગર થઈને દોડે તેવી માંગણી મહામંડળે કરી છે.જયારે આજે કેપિટલ સ્ટેશન પર નવી ટ્રેઈન શરૂ થવાની સાથે સ્ટેશનના વિકાસની આ કામગીરીને મહામંડળના પ્રમુખ અરૂણ બુચ , મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા, ભાનુભાઈ દવે, બી એ શુક્લ, કશ્યપ મહેતા ,સીતારામ પટેલ અને પ્રદીપ સોલંકી સહીતના પદાધિકારીઓ આવકારી સ્ટેશન વધુ લોકઉપયોગી બનશે તેવી અપેક્ષા સેવી રહ્યા છે.

## ગોથે ચઢ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાતા ટાઉનહોલનુ બિલ્ડીંગ તંત્રની નજરે જાણે ક્વોરન્ટાઈન થઈ ગયુ હોય તેવી સ્થિતિ છે. ટાઉનહોલને સુવિધાયુક્ત અને રળિયામણો બનાવવા માટે તમામ કામોને રીનોવેશનના પ્રોજેકટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ટાઉનહોલની બેઠક વ્યવસ્થા, સ્ટેજ, લાઈટીંગ, એ સી પ્લાન્ટ , સાઈન્ડ સિસ્ટમ સહીત અન્ય ઈલેક્ટ્રીફિકેશન, ગાર્ડન , પાર્કીંગ લીફ્ટ સહીતના કામનો સમાવેશ થાય છે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે છેલ્લા બે મહીનાથી હોલના રીનોવેશનનુ ટેન્ડર હજુ મંજુરીની પ્રકીયા હેઠળ અટવાયુ છે. ટાઈનહોલના રીનોવેશન માટે પણ એક વર્ષનો સમય લાગે તેમ છે. ત્યારે પાંચ વર્ષ બાદ પણ ટાઉનહોલનુ ઠેકાણુ ન પડતા સ્થાનિક કલા સંસ્થાઓ, કલાકારો સહીત નગરજનોમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે.

## ત્રીજી લહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

યૂરોપમાં વેક્સિનેશનની ગતિ ઝડપી હોવાને કારણે કોરોના કેસો અને મોતમાં થોડા સમય માટે ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ હવે ફરીથી સ્થિતિ બદલાય છે અને ટ્રેન્ડ ઉંધો થઈ ગયો છે. તેમણે કહ્યું કે, ફરી વિશ્વમાં કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ટેડ્રોસે કહ્યું કે પાછલુ સપ્તાહ સતત એવું વીક હતું જ્યારે કોરોના કેસોમાં કમી જોવા મળી હતી. પરંતુ હવે વધારો શરૂ થઈ ગયોછે.

## જાસૂસ જબ્બે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય સેનાને લગતા ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો અને મહત્વપૂર્ણ નકશા હબીબુર પાસેથી મળી આવ્યા છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે કહ્યું છે કે, આરોપી વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે જણાવ્યું છે કે, આરોપી રહેમાને પૂછપરછ દરમ્યાન જણાવ્યું હતું કે, તેને આ દસ્તાવેજો આગ્રામાં સૈન્ય કર્મચારી પરમજીત કૌર પાસેથી મળ્યા છે. રહેમાન આ દસ્તાવેજો કમાલને આપવાના હતા.

પોલીસે પરમજીત કૌરને પણ કસ્ટડીમાં લીધી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલામાં પોલીસે કેટલાક વધુ શંકાસ્પદ લોકોની ધરપકડ પણ કરી છે, એવું માનવામાં આવે છે કે તે એક મોટા રેકેટનો એક ભાગ છે. અહેવાલ મુજબ દિલ્હી પોલીસ કહે છે કે રહેમાન પોખરણમાં આર્મી બેઝ કેમ્પમાં શાકભાજી સપ્લાય કરતો હતો. છેલ્લા કેટલાક સમયથી તેને અહીં શાકભાજી સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.